# તલોદમાં તસ્કરોનો તરખાટ, ત્રણ દુકાનોમાંથી હજારોની ચોરી

તલોદ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદના મુખ્ય બજારમાં જ ગત રાત્રીએ ઘરફોડીયા તસ્કરોએ ૩ દુકાનોના તાળાં તોડી, શટર ખોલી નાખી, હજારોની રોકડ રકમની ચોરી કરી જતાં સમગ્ર વેપારીઆલમમાં ભારે દહેશતનો માહોલ ઉદ્દભવ્યો છે. તસ્કરોના નિશાનનું કેન્દ્ર બનેલી ૩ દુકાનોમાં કરિયાણાની ૨ દુકાન અને દવાની ૧ દુકાનનો સમાવેશ થાય છે. બજારની સ્ટેશનરીની ૧ દુકાનને પણ કેન્દ્ર બનાવવાનો તસ્કરોએ કરેલ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

તલોદ નગરના ભરચક વસ્તીવાળા અને નવા વિકાસ પામેલા સોસાયટી વિસ્તારોમાં અવારનવાર ઘરફોડ ચોરીઓની ઘટના બનતી હોય છે. પરંતુ ગત રાત્રીએ તલોદના ટાવરચોકથી શ્રી અંબાજી માતાજીના ચોક સુધીના મધ્યબજારમાં રોડ ટચ આવેલ ત્રણ-ત્રણ દુકાનોમાં તસ્કરોએ ઘરફોડ ચોરીની ઘટનાને સફળ અંજામ આપતા વેપારીઆલમ અને રાતભર સતત પેટ્રોલીંગ કરતી હોવાના દાવા કરતી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. તસ્કરોએ બજારની મધ્યમાં આવેલ ગોપાલદાસ કરશનદાસ શાહની કરિયાણાની દુકાન, સમીર શાહની (પારસ) દવાની દુકાન અને ટાવર વિસ્તારમાં આવેલ હસમુખલાલ છોટાલાલ શાહની કરિયાણાનીદુકાનને ઘરફોડ ચોરીનું નિશાન બનાવી હતી. આ ત્રણેય દુકાનોમાં ત્રાટકેલા રાત્રી લબરમૂછીયા મનાતા તસ્કરોએ એક જ 'મોરસ ઓપરેન્ડી'થી ત્રણેય દુકાનના શટર ખોલી નાખ્યા હતા અને ચોરીઓ કરી હતી.

તસ્કરો શટરના તાળાં તોડી દુકાનોમાં ઘુસ્યા હતા અને રોકડા નાણાં રાખવાના ગલ્લાના ખાનાં ખોલી નાખી તેમાંથી મળી આવેલ રોકડ ચલણી નોટો અને સિક્કા વગેરે મળી હજારોની રોકડ રકમની ચોરી કરી ઉઠાવી ગયા હતા.

સવારે જ્યારે દુકાનો ખોલવા વેપારીઓ દુકાને પહોંચ્યા ત્યારે જ ખબર પડી હતી કે રાત્રે કોઈક તસ્કરો દુકાનમાં ઘુસીને ચોરી કરી ગયા છે.

ઘટનાની જાણ તલોદ પોલીસને કરવામાં આવતાં પોલીસે ઘટના સ્થળોની મુલાકાત લીધી હતી. જે તમામ સ્થળોના શટરના તોડેલાં તાળાં પણ તસ્કરો પોતાની સાથે લઈ ગયા હતા.

## તલોદ નગરમાં સીસીટીવી કેમેરાની આવશ્યકતા

તલોદ નગરમાં છાસવારે બનતા ચોરીઓના બનાવો, રાત્રે રખડતા અજાણ્યા ઈસમો અને અસામાજીક વધતી પ્રવૃત્તિઓને રોકવા તલોદ નગરપાલિકા નગરમાં ઠેર ઠેર નાઈટવિઝનવાળા સીસીટીવી કેમેરા લગાવે તેવી માંગ ઉઠી છે. સીસીટીવી કેમેરાની મદદથી પોલીસને પણ ગુનેગારો સુધી પહોંચવામાં સરળતા રહે અને ગુનેગારો કંટ્રોલમાં રહે તેમ મનાઈ રહ્યું છે. સોની વેપારી જેવા વેપારીઓની દુકાનોમાં, શૉ-રૂમોમાં અને દેવ મંદિરોમાં પણ સીસીટીવી કેમેરા લગાવવા પોલીસતંત્ર નોટીસો પાઠવીને ફરજ પાડે છે. તે રીતે નગરપાલિકાને પણ યોગ્ય યોજના અંતર્ગત સહાય કરી તંત્ર ફરજ પાડે તે સમયની માંગ છે.

તલોદ પોલીસ સ્ટેશને ફરજ બજાવતા પી.એસ.ઓ. બજારમાં થયેલી ચોરીની ઘટના સંદર્ભે અજાણ હોવાનું સાંજ સુધી રટણ કરતા હતા. તેમના સુધી ત્રણ-ત્રણ ચોરીની ઘટના પહોંચી નથી જે બાબત વર્તમાન હાઈટેક યુગમાં શરમજનક ભાસી રહી છે.

## મહેસાણા ખાતે સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ ત્રિરંગા યાત્રા યોજાશે

મહેસાણા, તા. ૧૧

સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ ૧૪ ઓગષ્ટ ૨૦૧૮ને મંગળવારે સાંજે ૫ કલાકે જરા યાદ કરો કુરબાની કાર્યક્રમ યોજાવાનો છે. કાર્યક્રમની પુર્વ તૈયારીના ભાગરૂપે નિવાસી અધિક કલેકટર હર્ષદ વોરાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

નિવાસી અધિક કલેકટર હર્ષદ વોરાએ જણાવ્યું હતું કે દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય તેમજ દેશ પ્રત્યે સમર્પણની ભાવના પેદા થાય તે માટે જિલ્લા કક્ષાએ કાર્યક્રમનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં ૧૪ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ સાંજે ૫ કલાકે ત્રિરંગા યાત્રાનું આયોજન રાજમહેલ કલેકટર કચેરીથી, સિવિલ હોસ્પિટલ, ફુવારા, જુના ફુવારા, તોરણવાળી માતા, રંજનનો ઢાળ થઈને ટાઉનહોલ ખાતે પહોંચનાર છે. ટાઉનહોલ ખાતે સમાપન કાર્યક્રમનું પાર્કિંગ મ્યુનિસિપલ મેદાન ખાતે રાખવામાં આવેલ છે.

### શામળાજી પોલીસે વેણપુર ગામ નજીક ટ્રકમાં

## પશુ આહારની આડમાં સંતાડીને લવાતો ૩૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૧

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે બુટલેગરો દ્વારા ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ દારૂના શોખીનોને પૂરો પાડી કરોડો રૂપિયા પોલીસતંત્રના હપ્તારાજમાં ઉલેચી રહ્યા છે. ગુજરાત રાજ્ય સરકારના દારૂબંધીના કડક કાયદાની અમલવારી કાગળ પૂરતી સીમિત રહેતા રાજ્યમાં માંગો ત્યાં વિદેશી/દેશી દારૂ મળી રહે છે. બુટલેગરોમાં અરવલ્લી જીલ્લાની રતનપુર આરટીઓ ચેકપોસ્ટ સહીત અન્ય આંતરરાજ્ય સરહદો હોટ ફેવરોઈટ હોય તેમ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ સહીત નશાકારક કેફી દ્રવ્યો ઘુસાડવા માટે સતત નિતનવા નુસખા અપનાવી પ્રયતનીશલ રહેતા હોય છે. અરવલ્લી ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને શામળાજી પોલીસે બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા પશુ આહાર ભરેલ ટ્રકની આડમાં સંતાડીને લવાતો વિદેશી દારૂ કિં. રૂ ૩૧૦૦૮૦૦નો જથ્થો જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




અરવલ્લી જીલ્લા નાયબ પોલીસ વડા ફાલ્ગુની પટેલ તેમની ટીમ અને શામળાજી પીએસઆઈ એ.જે. ચૌહાણ પોલીસ સ્ટાફ સાથે બાતમી મળતા સંયુક્ત ઓપરેશન હાથ ધરી શામળાજી નજીક વેણપુર ગામની સીમમાં રતનપુર આરટીઓ ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ટ્રક (ગાડી.નં-એચઆર. ૬૯એ. ૫૯૫૮)માં પશુ આહારના કોથળાની આડમાં સંતાડીને ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૬૮૦ કિં. રૂ.૩૧૦૦૮૦૦નો જથ્થો જપ્ત કરી સંજયકુમાર મામનચંદ જાટ (રહે.નીમડીવાલી, હરિયાણા), હરીશ જિલેસીંગ નાઈ (રહે.ચરખી, હરિયાણા)ની ધરપકડ કરી આરોપીઓ પાસેથી મળી આવેલ મોબાઈલ નંગ-૨ કિં. રૂ.૧૦૦૦ તથા તાડપાત્રી કિં. રૂ.૧૦૦૦ અને ટ્રકની કિં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ. ૪૧૦૨૮૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી વિદેશી દારૂ ભરી આપનાર યોગેશ સતબીર જાટ (રહે.ચરખી, હરિયાણા), સોનુ (રહે.પાણીપત હરિયાણા) અને મોબાઈલ ધારક નં- ૦૯૮૧૩૯૫૮૫૪૭ (નામઠામ ખબર નથી) એ રાજસ્થાન-ગુજરાત બોર્ડર પાસ કરાવનાર શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી સાબરકાંઠા એલસીબી

સાબરકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક સા.શ્રી ચૈતન્ય મંડલીકનાઓએ સાબરકાંઠા જીલ્લામાં નાસતા ફરતા પકડવાના બાકી આરોપીઓને ઝડપી પાડવા કરેલ સુચના આધારે મળેલ બાતમી મળેલ આધારે પાલનપુર પુર્વ પોલીસ સ્ટેશન થર્ડ ગુ.ર.નં.-૫૦૧૮/૧૭ પ્રોહી એકટ ૬૫એઈ, ૧૧૧૬બી મુજબના કામે નાસતો ફરતો આરોપી ગનીભાઈ રસુલભાઈ મેમણ, ઉવ-૬૦, મુળ રહે. મેમણ સોસાયટી, કમાલપુરા, પાલનપુર તા.પાલનપુર જી.બનાસકાંઠા, હાલ રહે.નુરકોલોની, સવગઢ તા.હિંમતનગર જી.સાબરકાંઠા નાને સવગઢ ગામેથી સી.આર.પી.સી કલમ-૪૧ (૧)આઈ મુજબ અટક કરી હિંમતનગર ગ્રામ્ય પો.સ્ટે. સોંપી પાલનપુર પુર્વ પો.સ્ટે.ને સોંપવા તજવીજ હાથ ધરેલ છે.

## બનાસડેરી દ્વારા તહેવારોને અનુલક્ષીને બનાસ ઘીના ભાવમાં ઘટાડો કરાયો

પાલનપુર, તા. ૧૧

તહેવારોની સીઝનને અનુલક્ષીને બનાસ ડેરીએ તેના ઉપભોગતાઓને વ્યાજબી ભાવે શુદ્ધ અને સાત્વિક ઘી મળે તે માટે બનાસ ઘીના ભાવમાં કિલોએ મહત્તમ રૂ. ૨૦નો ઘટાડો કરતા બનાસ ઘી ના ઉપભોકતાઓમાં આનંદની લાગણી છવાઈ હતી.

બનાસ ઘી ના ભાવોમાં ૧ કિલોગ્રામના ટીનમાં રૂ. ૧૫ અને ૫ કિલોગ્રામ અને ૧૫ કિલોગ્રામ ગાય અને ભેંસના બનાસ ઘીમાં પ્રતિ કિલોએ રૂ. ૨૦નો ઘટાડો કરવામાં આવતા હવેથી બનાસ ઘી ૫૦૦ મિલી પાઉચ રૂ. ૨૦૦, એક કિલો ટીન રૂ. ૪૧૫, ૫ કિલો ટીન રૂ. ૧૯૭૦ અને ૧૫ કિલો ટીન રૂ. ૫૮૫૦ તેમજ બનાસ ગાયનું ઘી ૫ કિલો ટીન રૂ. ૨૦૨૦ અને ૧૫ કિલો ટીન રૂ. ૬૦૦૦ના ભાવે ઉપલબ્ધ થશે. બનાસ ડેરીના સૂત્રોએ બનાસ ઘી ના ગ્રાહકોને અપીલ કરતા જણાવ્યું છે કે બનાસ




ડેરીના અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ બનાસ ઘી ખરીદવાનું રાખશો કે જેથી શુદ્ધ સાત્વિક અને ભેળસેળ વગરનું અસલી ઘી મળી રહેશે. આ માટે ગામની દૂધમંડળીએ બનાસ ડેરીની અધિકૃત વિકેતા છે જ તદઉપરાંત જિલ્લાભરમાં આવેલા અમૂલ પાર્લરોમાંથી પણ બનાસ ઘી મળી શકશે.

## ખેડબ્રહ્મા પોલીસે વિદેશી દારૂ ઝડપી દસ સામે ફરિયાદ દાખલ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એ.ડી. પરમાર તથા કોનસ્ટેબલ મોહનભાઈ, પ્રકાશભાઈ, દીલીપભાઈ વિગેરેનાઓ અલગ અલગ ટીમો બનાવી જુદા-જુદા બોર્ડર રોડ ઉપર વાહન ચેકીગ કરતા દારૂની બોટલ નગ-૮ તથા બાઈક-૨ તેમજ રિક્ષા-૧ તથા ઈકો ગાડી-૧ કુલ કિંમત રૂ.૨,૭૭,૫૫૦નો મુદ્દમાલ મળી આવેલ તેમજ દારૂ લાવનાર તથા દારૂ પીનેવાહન ચલાવનાર ૧૦ ઈસમો જેમા વિરેદ્રસિહ દલપતસિહ કુમ્પાવત, યોગરાજસિહ અજીતસિહ કુમ્પાવત, મયુરકુમાર ગીરધારસિહ ઠાકોર ઉપરોક્ત તમામ રહે-ભવાંગઢ તા વડાલી જી સ.કા, નિલેસભાઈ ચંદુભાઈ સોલંકી રહે-ખેડવા, રમેશભાઈ જોવનાભાઈ ગમાર રહે-પાંણાઈ, અમીતકુમાર કર્ણાશંકર ઠાકર રહે-વડોદરા, શત્વનસિહ પર્સોતમભાઈ ચૌહાણ રહે-વડોદરા, કલ્પેશભાઈ પ્રહલાદભાઈ વસાવા રહે - વડોદરા, હેમીલકુમાર હેમતભાઈ ગોહીલ રહે-ખેડા, હિતેશકુમાર રાવજીભાઈ પાટણવાદીયા રહે-વડોદરાને પકડી ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટ ૧૯૪૯ મુજબ તથા ધી મોટર વ્હિસ્કી એકટ - ૧૯૮૮ની કલમો મુજબ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ખાતે અલગ અલગ કુલ-૮ ગુન્હા દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## કાંકરેજ તાલુકામાં મહારાજા જિનીંગમાં ભાજપના હોદ્દેદારોની બેઠક યોજાઈ

કાંકરેજ, તા. ૧૧

કાંકરેજ તાલુકાના દુગાવાડા (શિહોરી) મહારાજા જીનીગ ખાતે



પાટણ લોકસભા પ્રભારી મંત્રી વાસણભાઈ આહીરની અધ્યક્ષતામાં કાંકરેજ તાલુકા ભાજપના હોદ્દેદારોની ખાસ બેઠક યોજાઈ હતી અને કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા. ભારતસિંહ ભટસરિયા મહામંત્રી બનાસકાંઠા જિલ્લા ભાજપ. કાંકરેજ યુવા ભાજપના પ્રમુખ ઝીણુંભા વાઘેલા. ડાયાભાઈ પીલિયાતર, મફજી સોલંકી, હંસપુરી ગૌસ્વામી, કિશોરભાઈ પ્રજાપતિ સહિતના ભાજપના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ત્યારે આવનાર ૨૦૧૯ની પાટણ લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાય તેના માટે દરેકને અત્યારથી ખભે ખભો મીલાવી તનમનધનથી કામે લાગી જવા પ્રભારી મંત્રીએ આહવાન કર્યું હતું અને ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાતો હતો એને ફરી એકવાર પડકારરૂપ પાટણ લોકસભાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લાવવામાં ભાજપના વરિષ્ઠ નેતા અને પાર્ટી જે ઉમેદવાર તરીકે મૂકે તેને વિજયી બનાવવા માટેનો માસ્ટર પ્લાન અત્યારથી તૈયાર કરવામાં આવી રહ્યો છે અને કાંકરેજ તાલુકો લોકસભા બેઠકમા પાટણમાં આવતો હોવાથી અને આ વખતે સામાજિક સમીકરણો ઉપરથી ઉમેદવારો નક્કી કરવામાં આવે એવું લાગે છે. ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને હોદ્દેદારોની આ બેઠકમાં અંગત રીતે ખુબ અગત્યની ચર્ચા કરવામાં આવી હતી.



અરવલ્લી જિલ્લા સહકારી સંઘની આજરોજ બેઠક યોજાઈ હતી. જેમાં આ સંઘના ડિરેકટર શામળભાઈ પટેલ તાજેતરમાં મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન પદે ચૂટાંતા જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ દ્વારા તેમનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સંઘના વાઈસ ચેરમેન ભીખાજી ડામોર, માનદ મંત્રી જગદીશભાઈ પટેલ તેમજ ડિરેક્ટરો વિનોદભાઈ શાહ, ગુલાબચંદભાઈ પટેલ, બાબુભાઈ એમ. પટેલ, હસમુખભાઈ પટેલ, પ્રેમજીભાઈ પટેલ અને શેતાનસિંહ ઉપરાંત સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ પણ અપીએમસીના ચેરમેન શામળભાઈનું સન્માન કર્યું હતું.

## મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમએસસી કોલેજમાં ઓર્વસિસ વિષય પર સેમિનાર યોજાયો

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કોલેજ, મોડાસામાં ઓર્વસિસ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અમદાવાદથી ઓર્વસિસ કંપનીના મદદનીશ રોજગાર નિયામક બિશ્વાસ ક્રિસ્ટોફર તથા મોડાસાથી આવેલ વસિમ પઠાણ અને નિરવ સોની, કેરીયર કાઉન્સેલર, જિલ્લા રોજગાર કચેરી દ્વારા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ વિઝા, વર્ક વિઝા તથા વિદેશમાં રોજગાર માટેની તકો માટેની માહિતી પુરી પાડી હતી. આ સેમિનારમાં સંસ્થાના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી, સંસ્થાના આચાર્ય પરિમલ એમ. શાહ તથા સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. ભૌમિક કોઠારી તથા પ્રો. એકાંકી રાવલે કર્યું હતું.

## અરવલ્લી જિલ્લાની શાળાઓમાં કૃમિનાશક દવાનું વિતરણ કરાયું

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં ૧૦ ઓગસ્ટ કૃમિનાશક દિવસની ઉજવણી ભાગરૂપે જીલ્લાની



શાળાઓ તેમજ આંગણવાડી કેન્દ્રમાં કૃમિનાશક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માના માર્ગદર્શન હેઠળ શ્રી સરસ્વતી બાલમંદિર કેળવણી મંડળ સંચાલિત રત્નદીપ બાલમંદિર શાળામાં મંડળના પ્રમુખ નિલેશ જોશી, મંત્રી વિનોદ પટેલની ઉપસ્થિતિમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીજ્ઞા જયસ્વાલ અને આરોગ્યની ટીમે શાળામાં અભ્યાસ કરતા બાળકોને કૃમિનાશક દવાની ગોળી ખવડાવી હતી.

અરવલ્લી જીલ્લાની શાળાઓ-આંગણવાડીઓમાં ૧૦ ઓગસ્ટ કૃમિનાશક દિનના દિવસે કૃમિનો ભોગ ન બને તે માટે ખવડાવવામાં આવી હતી.

જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માના જણાવ્યા અનુસાર આ અભિયાન અંતર્ગત જીલ્લાના ૩ લાખથી વધુ બાળકોને કૃમિની ગોળી આપવામાં આવશે હોવાનું જણાવ્યું હતું. બાળકોમાં કૃમિના લીધે લોહીની ઉણપ જણાતી હોવાથી બાળકો થાક અનુભવે છે. બાળકોના માનસિક વિકાસ પર પણ અસર પડતી હોવાની સાથે ચહેરા પર સફેદ ડાઘ ઉપસી આવે છે. કૃમિની સમયસર સારવાર કરાવવામાં ન આવે તો તેમાંથી અન્ય રોગો પણ થવાનો ભય રહેલો હોવાનું રત્નદીપ શાળાના બાળકોને અને શિક્ષકગણ સહીત વાલીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

## મોડાસામાં જાહેર પરીક્ષા તાલીમ વર્ગનું આયોજન થતા ૧૦૦થી વધુ તાલીમાર્થીઓને અપાતી તાલીમ

મોડાસા, તા.૧૧

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના સહયોગથી અરવલ્લી



જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા જાહેર પરીક્ષાઓ અંગેના તાલીમ વર્ગનો શુભારંભ તાજેતરમાં જ મોડાસા ખાતે જેસીસ હોલમાં કરવામાં આવતા ૧૦૦થી વધુ તાલીમાર્થીઓ દર શનિવાર અને રવિવારે તાલીમ લઈ એહ્યા છે.

આ તાલીમ દર શનિવારે બપોરે ૧૨ થી ૫ અને રવિવારે સવારે ૮ થી ૫ હિંમતનગરની ફેકલ્ટી દ્વારા આપવામાં આવે છે. આ તાલીમ વર્ગનું આયોજન સાબરકાંઠા જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિના કન્વીનર કચરાભાઈ એસ. પ્રજાપતિ તથા મોડાસાના દિનેશભાઈ પરષોતમભાઈ પ્રજાપતિ તથા તેમની વ્યવસ્થાપક કમિટી દ્વારા થઈ રહ્યું છે. દિનેશભાઈ પોતાનો ધંધો-વ્યવસાય પણ આ બે દિવસ અળગો રાખીને દર શનિ-રવિ આ વર્ષ માટે સમયદાન આપી તાલીમાર્થીઓ માટે માર્ગદર્શનરૂપ બની રહ્યા છે. વિવિધ દાતાઓ દ્વારા દર રવિવારે ભોજન અને દર શનિવારે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ગોમાં સમાજના વર્ગ-૧,૨માં જોડાયેલ અધિકારીઓ પણ માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. આવાં શૈક્ષણિક કાર્ય થકી અરવલ્લી જિલ્લાના પ્રજાપતિ સમાજ માટે નવી જાગૃતિ લાવી એક દિશા ચિંધવાનું કાર્ય રહેલ છે. આ જિલ્લા સંઘ સમિતિ અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ વડોદરાના પદાધિકારીઓનો ખુબ આભાર માન્યો હતો.

## કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં એક સાથે બે યુવતીઓએ ઝંપલાવ્યુ

કાંકરેજ, તા. ૧૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં કોઈ અગમ્ય કારણોસર બે યુવતીઓએ એક સાથે ઝંપલાવ્યું એની અનેક અટકળોનો દોર શરૂ થયો છે. જો કે પોલીસ ઘટના સ્થળ ઉપર આવી સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને યુવતીઓની શોધખોળ શરૂ કરી દીધી છે. પરંતુ હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. આમ વારંવાર છાસવારે આવી ડૂબવાની અને આત્મહત્યા કરવા માટે ચાંગાની નર્મદા કેનાલ હોટ ફેવરીટ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

એક દિવસ પહેલાં આકોલીનો એક યુવાન ખારીયા કેનાલમાં ડૂબી મર્યો ત્યારે ચાંગામાં એક સાથે બે યુવતીઓના એક સાથે કોઈ અગમ્ય કારણસર પડતું મુકવાની ઘટના સામે આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે તાલુકાના તંત્ર દ્વારા તરવૈયાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને યુવતીઓના મૃતદેહની શોધખોળ શરૂ કરી હતી પણ સતત બે કલાક સુધી દિનેશ ચૌધરી અને બીજા લોકો પણ પાણીમાં પડીને શોધખોળ શરૂ કરી છે.

ત્યારે આ રીતે એક સાથે બંને યુવતીઓએ કેમ કેનાલમાં ઝંપલાવ્યું એ એક યક્ષ પ્રશ્ન ઊભો થવા પામ્યો છે. ત્યારે હવે આ યુવતિઓ કોણ છે, ક્યાંની છે અને કયા કારણોસર કેનાલમાં કુદી એ વિશે હજુ જાણકારી મળી નથી. જોકે થરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.